Economic Times (Guj.)

February 10, 2017
Pg.2

# યુવાધનના કૌશલ્ય વિકાસમાં સ્ટાર્ટઅપ નિર્ણાયક ભૂમિકા

અમદાવાદઃ રાજ્યના યુવાધનમાં અપાર કૌશલ્ય રહેલું છે અને સ્ટાર્ટ-અપથી તેમને રોજગારી આપવાની શક્યતા વધી જાય છે. સ્ટાર્ટ-અપ દ્વારા શરૂ થયેલા પ્રોજેક્ટ અને તેના વ્યાવસાયિક વિકાસના પરિણામે આગામી દિવસોમાં રોજગારીની વિપુલ તક પેદા થશે તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે ગુરુવારે યોજાયેલા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી અંગેના સેમિનારને ખુલ્લો મૂક્યા બાદ શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, "રાજ્યના યુવાધન પાસે અપાર બુદ્ધિકૌશલ્ય પડેલું છે, ત્યારે સ્ટાર્ટ-અપ તેના વ્યવસાય વિકાસ માટે નવી તક પૂરી પાડશે. રાજ્ય સરકારે ચાલુ વર્ષે સ્ટાર્ટ-અપ પોલિસીની પણ જાહેરાત કરી છે. એટલું જ નહીં પરંતુ ₹૨૦૦ કરોડની ફાળવણી પણ કરી છે ત્યારે વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટ-અપ ક્ષેત્રે વિકાસની ઘણી તક રહેલી છે. સેમિનારમાં AICTEના ચેરમેન પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે, અટલ ઈનોવેશન મિશન નીતિ આયોગના એમડી ડૉ. મુરલીકિષ્ણન્ કુમાર તથા NST-EDBના ડૉ. એચ કે મિત્તલ જેવા તજ્જ્ઞો ઉપસ્થિત હતા.